ISO 9001 : 2000

બોર્ડ નિગમ વિસ્તાર સેક્ટર-૧૦/એ,
ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નંબર-૨૩૨૫૦૨૯૬-૨૩૨૫૦૩૩૨-
૨૩૨૫૦૨૯૪
ફેક્સ : (૦૭૯)૨૩૨૫૦૨૮૦
E-Mail : gmfb1@yahoo.co.in
Web : www.gmfb.in

ક્રમાંક-મફબ/અકડ/મનપા ઓક્ટ્રોય/જુન- જુલાઈ- ઓગષ્ટ -૦૯/ ૨૪૭૪૭ તા. 17 AUG 2009

<u>વંચાણે લીધું</u> :-

૧. **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગરનો તા.૧૨-૯-૦૭ ના જાહેર નામા ક્રમાંક-કેવી-૨૪૫ ઓફ ૨૦૦૭ – જેકેટી – ૮૦૨૦૦૭ – ૧૯૬૩ - પી**

૨. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગરનો તા.૧૯-૫-૦૪ ના પરિપત્ર ક્રમાંક- પરચ/ ૧૦૨૦૦૪/૬૪૪-બ તેમજ યાદી ક્રમાંક : બજટ ૧૦૨૦૦૪-૮૦(૨) – બ

૩. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગરનો તા.૧૪-૧૧-૦૭ નો ઠરાવ ક્રમાંક-બીજીટી/ ૮૦૨૦૦૭ /૩૯૪૦/પી.

૪. **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તા.૨૮-૧૧-૦૭નો સુધારા ઠરાવ ક્રમાંક-બીજીટી/ ૮૦૨૦૦૭/ ૩૯૪૦ /પી.**

૫. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,સચિવાલય,ગાંધીનગરનો તા. ૭-૮-૦૯ નો પત્ર ક્રમાંક-બજટ / ૮૦૨૦૦૯/૨૨૪૮/બ

૬. ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડનો તા.૧૦-૮-૦૯નો દ.હુ.ક્રમાંક : મફબ/અકડ/મનપા/ઓક્ટ્રોય/જુન-જુલાઈ-ઓગષ્ટ – ૦૯/૨૪૧૨૭

૭. **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,સચિવાલય,ગાંધીનગરનો તા. ૧૧-૮-૦૯ નો ઠરાવ ક્રમાંક-બજટ / ૮૦૨૦૦૯/૨૨૪૮/બ**

## દફતરી હુકમ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧૨-૯-૦૭ ના જાહેરનામા ક્રમાંક-કેવી--૨૪૫ ઓફ ૨૦૦૭-જેકેટી-૮૦૨૦૦૭-૧૯૬૩-પી. હેઠળના જાહેરનામાથી સરકારશ્રી દ્વારા રાજ્યની ૭ મહાનગરપાલિકાઓમાંથી તા.૧૫-૧૧-૦૭થી ઓક્ટ્રોય નાબૂદ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. ઓક્ટ્રોય નાબૂદ થતાં ૭ મહાનગરપાલિકાઓને તેના વળતર પેટે એડહોક એડવાન્સ રકમ તરીકે ચૂકવણી કરવાની રહે છે.

ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ - ૫ના પત્ર મુજબ ઓક્ટ્રોયની ગ્રાંટ સને ૨૦૦૯-૧૦ના મોડીફાઈડ બજેટમાં આખરી થયેલ હોઈ છેલ્લા ત્રણ માસની ગ્રાંટ એકી સાથે રીલીઝ કરવાની થાય છે. નાણાં વિભાગ તરફથી તાજેતરમાં જ ગ્રાંટ રીલીઝ થયેલ હોય વહીવટી મંજુરી થતા હુકમો કરવામાં થોડો સમય પસાર થાય તેમ છે. પરંતુ જન્માષ્ટમીના અગામી તહેવારોના સંદર્ભમાં નાના કર્મચારીના પગારો ચુકવી શકાય તે હેતુથી નીચે દર્શાવેલ ૫ મહાનગરપાલિકાઓને તેમની સામે દર્શાવેલ **જુન, જુલાઈ અને ઓગષ્ટ-૨૦૦૯ માસની** ગ્રાંટની રકમ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ હસ્તકના પાર્ક ફંડમાંથી તાત્કાલિક ચુકવી આપવા મંજુરી આપેલ છે. તદ્અન્વયે અત્રેના ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ - ૬ના દ.હુ.થી અમદાવાદ અને સુરત મહાનગરપાલિકાઓ સિવાયની પાંચ મહાનગરપાલિકાઓને કુલ રૂા.૧૦૫૩૦.૦૦ લાખની રકમ ચુકવવામાં આવેલ છે.

ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ - ૭ના ઠરાવથી વિકાસના કામો માટે પ્રોત્સાહક અનુદાન પેટે રાજ્યની ૭ મહાનગરપાલિકાઓને જુન – જુલાઈ- ઓગષ્ટ – ૦૯ માસની ગ્રાંટ ચુકવવા માટે કુલ રૂા.૪૫૦૦૦.૦૦ લાખની રકમ અત્રેના બોર્ડના હવાલે મુકેલ છે. ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ - ૬ના દ.હુ.થી અમદાવાદ અને

સુરત સિવાયની પાંચ મહાનગરપાલિકાઓને કુલ રૂ.૧૦૫૩૦.૦૦ લાખની રકમ બોર્ડ હસ્તકના પાર્ક ફંડમાંથી ઉધારી ચુકવવામાં આવેલ હોઈ સદર રૂ.૧૦૫૩૦.૦૦ લાખની રકમ બોર્ડના પાર્ક ફંડમાં સરભર કરવાની થાય અને અમદાવાદ અને સુરત મહાનગરપાલિકાઓને જુન – જુલાઈ અને ઓગષ્ટ – ૦૯ માસની ગ્રાંટ નીચે પ્રમાણે ચુકવવાની થાય છે.

| ક્રમ | મહાનગરપાલિકાનું નામ | જુન, જુલાઈ અને ઓગષ્ટ માસની કુલ રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | અમદાવાદ | ૨૦૩૮૫.૦૦ |
| ૨ | સુરત | ૧૪૦૮૫.૦૦ |
| | કુલ | ૩૪૪૭૦.૦૦ |

ઉપર પ્રમાણે જુન, જુલાઈ અને ઓગષ્ટ-૨૦૦૯ના માસની ગ્રાંટની કુલ રૂ. ૩૪૪૭૦.૦૦/- લાખ (અંકે રૂપિયા ત્રણસો ચુમ્માલીસ કરોડ સીત્તેર લાખ પુરા)ની રકમ પૈકી દરેક મહાનગરપાલિકાના નામ સામે દર્શાવેલ રકમ કમિશ્નરશ્રી, સંબંધિત મહાનગરપાલિકાને વિકાસના કામો માટે પ્રોત્સાહક અનુદાનની રકમ (ઓકટ્રોય વળતર ગ્રાંટ) પેટે તાત્કાલિક ચુકવવા અને રૂ.૧૦૫૩૦.૦૦ લાખની રકમ બોર્ડ હસ્તકના પાર્ક ફંડ ખાતે સરભર કરવા મંજુરી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ - ૭ ના ઠરાવથી ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ હસ્તક મુકેલ રૂ.૪૫૦૦૦.૦૦ લાખની રકમમાંથી ઉધારવાનો રહેશે.

મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ
ગાંધીનગર

પ્રતિ,
મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,
અમદાવાદ અને સુરત મહાનગરપાલિકા

નકલ સવિનય રવાના :-

૧. નાયબ સચિવશ્રી (શ.વિ), શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
૨. નાયબ સચિવશ્રી(બજેટ), શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
૩. ઉપસચિવશ્રી નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર
૪. સેકશન અધિકારીશ્રી(પી-શાખા), શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૫. સેકશન અધિકારીશ્રી(બજેટ), શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૬. કલેકટરશ્રી, અમદાવાદ અને સુરત જીલ્લા.
૭. એ.જી. અમદાવાદ/રાજકોટ
૮. સહાયક નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, અમદાવાદ અને સુરત જીલ્લા.
૯. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
૧૦ જીલ્લા તિજોરી અધિકારીશ્રી,ગાંધીનગર
૧૧. મદદનીશ નિયામકશ્રી(હિસાબ),ગુ.મ્યુ.ફા.બોર્ડ,ગાંધીનગર તરફ ઉપર હુકમમાં દર્શાવ્યા પ્રમાણે કુલ રૂ.૩૪૪૭૦.૦૦ લાખ(અંકે રૂપિયા ત્રણસો ચુમ્માલીસ કરોડ સીત્તેર લાખ પુરા)ની રકમ પૈકી ૨ મહાનગરપાલિકાના નામ સામે દર્શાવેલ રકમની ચૂકવણી કમિશ્નરશ્રી સંબંધીત મહાનગરપાલિકાને કરવા તથા રૂ.૧૦૫૩૦.૦૦ લાખની રકમ બોર્ડના પાર્ક ફંડમાં સરભર કરવાની કાર્યવાહી સારૂ.
૧૨. સીલેકટ ફાઈલ.